## દાદાના જન્મદિવસે મારૂતિ યજ્ઞ

ગાંધીનગર, તા. ૨૧

કષ્ટભંજન દેવ હનુમાનજીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુંદરકાંડ પાઠ યોજાશે. આગામી ૪થી એપ્રિલ શનિવાર, સવારે ૭થી ૮.૩૦ દરમિયાન, ગાંધીનગર માણસા હાઈવે સ્થિત રાંધેજા પાસે સુંદરધામમાં મારૂતીયજ્ઞ યોજવામાં આવશે. તેમજ ૯ થી ૧૨ કલાક દરમિયાન દિલીપભારતી અને ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે. આ દાદાના પાવન દિવસે ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



ચેટી ચાંદ - સિંધુ ભવન ખાતે નગરના સીંધી સમાજના પરિવાજનો દ્વારા ચેટીચાંદની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરાઈ હતી. ચૈત્ર સુદ-એકમના પાવન પર્વે સમાજના પરિવારો સાથે મળી પૂજન-અર્ચન તથા ઉલ્લાસભર્યા વાતાવરણમાં નાચ-ગાન કરી પર્વની ઉજવણી કરી હતી. (તસવીર : દિપક જાની)

# ...ને ફોન પર વાત કરતાં-કરતાં જતી યુવતીનો મોબાઈલ ઝુંટવી લુંટારૂ ભાગ્યો

### યુવતીએ બુમાબુમ કરતાં ટોળુ ભેગુ થઈ ગયું ને લુંટારૂને પકડી પાડ્યો : આરોપી બે દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં લુંટારૂ શખ્સોની હિંમત જબરદસ્ત વધી ગઈ છે. દિન દહાડે લુંટ-ચિલઝડપ અને ચેઈન સ્નેચીંગના ગુનાઓ બનવા લાગ્યા છે. ગઈકાલે મોડી સાંજે સે. ૩૦માં રહેતી યુવતી તેના મંગેતર સાથે ફોન પર વાત કરતાં-કરતાં ચાલતી જઈ રહી હતી ત્યારે સે. ૩૦/૨૧ સર્કલ પાસે પાછળથી આવેલા એક શખ્સે ચાલુ ફોને મોબાઈલ લુંટી લીધો હતો અને ભાગ્યો હતો. યુવતીએ બુમાબુમ કરતાં આસપાસથી ટોળુ ભેગુ થઈ ગયું હતું અને લુંટારૂનો પીછો કરીને તેને ઝડપી લઈ પોલીસ હવાલે કરી દીધો હતો. પોલીસ મોબાઈલ લુંટનો ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં કોર્ટે સોમવાર સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે.

મળતી વિગતો મુજબ સેક્ટર-૩૦, છ-ટાઈપ બ્લોક નં. ૮૯/૧૧ ખાતે રહેતી યુવતી ચેતનાબેન રાજેન્દ્રકુમાર ખંભોળજા ગઈ મોડી સાંજે તેણીના મંગેતર સાથે ફોન પર વાત કરતા-કરતા સે. ૩૦/૨૧ સર્કલ રોડ પરથી ચાલતી જઈ રહી હતી. આ દરમ્યાન અંધારાનો લાભ લઈ એક યુવાન શખ્સ તેણીની નજીક પહોંચ્યો અને ઝુંટવી લુંટ ચલાવી ભાગ્યો હતો. મોબાઈલ લુંટ થતાં જ યુવતીએ બુમાબુમ કરતાં ટોળુ એકઠું થઈ ગયું હતું. અને ભાગી રહેલા લુંટારૂ શખ્સનો પીછો કરી તેને ઝડપી પાડ્યો હતો. સામાન્ય મેથીપાક ચખાડીને લુંટારૂને ટોળાએ પોલીસ હવાલે કરી દીધો હતો. સે. ૨૧ પોલીસે કાલુપુર અમદાવાદના ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા આ લુંટારૂ શખ્સ કમલેશ ગણેશ રાઠોડની પુછપરછ માટે સોમવાર સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે.

# પુત્રવધુના સીમંત માટે બેંકમાંથી ઉપાડેલા રૂ. ૧.૭૦ લાખની લુંટ

### પી.ડબલ્યુ.ડી.ના સામાન્ય કર્મચારીએ પ્રસંગ માટે ભેગા કરેલા રૂપિયા બાઈક પર આવેલા બે ગઠીયા પળવારમાં પડાવી ગયા

ગાંધીનગર, તા.૨૧

રાજયના પાટનગર ગાંધીનગરમાં ચેઈન સ્નેચર્સ અને ગઠીયાઓની ટોળકીએ મચાવેલા આતંક બાદ હવે લુંટારુંઓ પણ બેખોફ બન્યા છે. બે દિવસ અગાઉ સે-૨૯માં એક વૃદ્ધને ટાર્ગેટ બનાવીને બેંકમાંથી ઉપાડેલા રૂપિયા ભરેલી થેલી લુંટી લેવાની ઘટના બની હતી ત્યારે ગઈ કાલે સે-૨૧/૩૦ સર્કલ પાસે યુવતીનો મોબાઈલ લુંટાયો હતો. દરમિયાન આજે પણ ધોળે દિવસે એક સામાન્ય કર્મચારીએ પુત્રવધુના સીમંત પ્રસંગ માટે ભેગા કરેલા રૂ. ૧.૭૦ લાખ બેંકમાંથી ઉપાડયાને બેંક બહાર પહોંચ્યા ત્યાં જ બે શખ્સો રૂપિયા લુંટીને પળવારમાં રફફુ ચક્કર થઈ ગયા હતાં.સે-૭ પોલીસે કર્મચારીની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરુ કરી છે.

મળતી વિગતો મુજબ ઝુંડાલ ખાતે રહેતા અને પી.ડબલ્યુ.ડી. વિભાગમાં નોકરી કરતાં છોટાભાઈ ગોવિંદભાઈ પટેલ આજે સવારે સે-૧૦ ખાતે સ્થિત એસ.બી.આઈ. મુખ્ય શાખામાં રૂપિયા ઉપાડવા ગયા હતાં. પુત્રવધુનાં સીમંત પ્રસગ માટે ભેગા કરેલા રૂ. ૧.૭૦ લાખ છોટાભાઈએ ઉપાડયા અને કાપડની થેલીમાં મુકીને બેંકની બહાર નિકળ્યા ત્યાં બહારની સાઈડ એક કાળા રંગના બાઈક પર આવેલા બે શખ્સો તેમની નજીક આવ્યા અને રૂપિયા ભરેલો થેલો ઝુંટવી લઈ પળવારમાં ત્યાંથી ફરાર થઈ ગયા હતાં. બુમાબુમ સાંભળીને આસપાસના લોકો ભેગા થઈ ગયા પરંતુ ત્યાં સુધીમાં લુંટારું ગાયબ થઈ ગયા હતાં. છોટાભાઈએ પોલીસને જાણ કરતા સે-૭ પોલીસે ચિલઝડપનો ગુનો દાખલ કરી સીસીટીવી કેમેરાના ફુટેજની તપાસણી શરુ કરી છે. પરંતુ બેંકના કેમેરાની રેન્જ બહાર ઘટના બની હોવાથી લુંટારુંઓ કેમેરામાં કેદ થયા ન હોવાનું જાણવા મળ્યુ છે. જો કે બાઈકનો નંબર ૫૮૩૨ હોવાનું ધ્યાને આવ્યું છે. પરંતુ સીરીઝ ખ્યાલ ન હોવાથી પોલીસે આ નંબર પરથી લુંટારુંઓ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

## બ્રહ્માકુમારીઝ દ્વારા સેકટર-૧૩-૧૪માં રાજયોગ શિબિર

ગાંધીનગર, તા.૨૧

વધતી જતી દુઃખ, અશાંતિ અને માનસિક તાણમાંથી જનમાનસ ને ઉગારવા અને જીવનના સાચા સુખ અને શાંતિની દિશા સુચવવાની આજે તાતી જરૂરીયાત છે. કારણ કે પ્રત્યેક માણસ આજે સાચા સુખ અને શાંતિની શોધમાં છે. જયારે આશાનું કોઈ જ કિરણ ન દેખાય ત્યારે આપણી નજર ઉપરવાળા, ભગવાન તરફ જાય છે અને હાલમાં ચાલી રહેલ સમયમાં સ્વયં પરમપિતા શિવ પરમાત્મા પ્રજાપિતા બ્રહ્માના માનવીય તનમાં દિવ્ય અવતરણ કરી મનુષ્યને સાચુ સુખ, શાંતિ અને સમૃધ્ધિ આપવા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સત્ય ગીતાજ્ઞાન અને રાજયોગ શિક્ષણ આપી રહ્યા છે. લીંબચ માતાના મંદિર, સે-૧૩-એ, ગાંધીનગર અને સે-૧૪ના જાહેર બગીચામાં, ગાંધીનગર ખાતે તા. ૨૩ થી ૨૯ માર્ચ દરમિયાન રોજ રાત્રે ૮ થી ૯ નિઃશુલ્ક રાજયોગ શિબિર સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે. આ શિબિરમાં નાતજાત અને ધર્મના કોઈ પણ બાધ વગર તમામ ભાઈ બહેનોને સપરિવાર પધારવા હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ આપવામાં આવ્યું છે.

## પાટનગરમાં સાહિત્યિક પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના આંગણે સાહિત્યકારોનો પરિસંવાદ યોજાયો હતો. ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સે-૧૬ બ્રહ્મભવન ખાતે પરિસંવાદ યોજાયો હતો.

ગાંધીનગરના સાહિત્યકારોના પુસ્તકોનું વિચમોન સહિત સાહિત્યની સરવાણી કરતો સાહિત્યિક પરિસંવાદ પાટનગરમાં યોજાયો હતો. પરિસંવાદમાં નગરના સાહિત્યકારો, નટવર હેડાઉ લિખિત પુસ્તક પર્યાવરણ પથદર્શક, આંખે દેખ્યું આંદામાન, જય ગજ્જર લિખિત સાબરને કાંઠે, ભરત કવિ લિખિત લોક વિદ્યા વિમર્શ અને અશ્વિન પટેલ લિખિત અમુલ્ય ખજાનો પુસ્તકોનું વિમોચન કરાયું હતું. પરિસંવાદમાં મોટી સંખ્યામાં સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતાં.



ભાવાંજલિ - ગાંધી વિચારના અડીખમ પ્રચારક અને શિક્ષણ-સાહિત્યના મોભી પૂજ્ય નારાયણભાઈ દેસાઈના પૂણ્યાત્માને અંજલિ આપતા નામદાર રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીની નિશ્રામાં નગરની વિવિધ સામાજિક-સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે સેંટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે પ્રાર્થના સભા યોજાઈ હતી. રાજયપાલ શ્રી કોહલીજીએ ભાવપૂર્વક શ્રી નારાયણભાઈ દેસાઈને શબ્દાંજલિ અને પુષ્પાંજલિ આપી હતી. ભાવાંજલિ કાર્યક્રમમાં નગરના જાણીતા ગાયક કલાકારો દ્વારા પ્રાર્થના અને ભજનો રજૂ કરાયા હતા. આ પ્રસંગે નગરના વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો સહિત ગાંધીવાદી અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# અનુષ્ઠાન પર્વ ચૈત્રી નવરાત્રીનો ઉલ્લાસભેર પ્રારંભ

### માતાજીના આરાધકો સતત નવ દિવસ સુધી વિવિધ ધાર્મિક વિધિઓ-કાર્યક્રમોમાં ગળાડુંબ થઈ જશે

ગાંધીનગર, તા. ૨૧

આસો માસમાં આવતી નવરાત્રીની જેમ જ ચૈત્ર માસમાં આવતી ચૈત્રી નવરાત્રીનું માતાજીના આરાધકોમાં ખુબ મહત્વ છે. ચૈત્રી નવરાત્રીમાં સાર્વજનિક રાસ-ગરબાના આયોજન નથી થતાં પરંતુ આ નવરાત્રી માતાજીની ઉપાસના માટે શ્રેષ્ઠ ગણાતી હોઈ ભાવિકો સતત નવ દિવસ સુધી ઉપવાસ રાખી માતાજીની કઠિન આરાધના કરશે. ચૈત્રી નવરાત્રી દરમ્યાન કુળદેવીનું પૂજન, ચંડીપાઠ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં ભાવિકો ઉત્સાહભેર ભાગ લેશે.

મા આદ્યશક્તિના આરાધકો ચૈત્રી નવરાત્રી દરમ્યાન ખુબ જ કઠીન ઉપવાસ રાખે છે અને આખો દિવસ માતાજીની ભક્તિમાં લીન રહે છે. જે પરિવારોમાં ચૈત્રી નવરાત્રી ઉજવવાનું અને આ દરમ્યાન ઉપવાસ રાખવાની પરંપરા છે તે પરિવારોમાં તો પુરૂષવર્ગ નોકરી-ધંધામાં રજા રાખી નવે નવ દિવસસુધી મા આદ્યશક્તિની આરાધનામાં ગળાડુબ રહે છે. સામુહિક ચંડીપાઠના કાર્યક્રમો સહિતના ધાર્મિક કાર્યક્રમોનું પણ આ સમયગાળા દરમ્યાન આયોજન થતુ રહે છે.

નવરાત્રીના પાવન અવસર પર માતાજીને સોળે શણગાર કરી દરેક શક્તિપીઠોમાં શક્તિપુજા, અનુષ્ઠાન, હોમ હવન અને રાસોત્સવની રમઝટથી લોકોમાં અનેરો આનંદ છવાઈ જશે. ચૈત્રી નવરાત્રી માતાજીના ઉપાસના માટે શ્રેષ્ઠ ગણાય છે. બાવન શક્તિપીઠનું વર્ણન શિવચરિત્ર જોવા મળે છે. જેમાં માહિતગળાજ (કરાચી)થી લઈમાં ઈંદ્રાણી (શ્રીલંકા) સુધી વિસ્તરેલ દેવીશક્તિનું મહાત્મ્ય દર્શાવાયુંછે. તેમાંના નવદુર્ગા (કાત્યાયની, કાલરાત્રી, કુમાંડા, ચંદ્રઘટા, બ્રહ્મચારીણી, મહાગૌરી, શૈલપુત્રી, સિદ્ધિદાત્રી અને સ્કંમદમાતા નવદુર્ગાથી ઓળખાયા, તેમજ જોગણી(ચોસઠ)માં માં અંબિકાથી શ્રી ધરીમાતા ભિન્ન ભિન્ન નામોથી માતાજીનું સ્મરણ કરતા હોય છે.

આજે શનિવાર તા. ૨૧મી માર્ચથી તા. ૨૮ને શનિવાર સુધી ચૈત્રી નવરાત્રીની ઉજવણી કરાશે અને દરરોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

વ્રત કરનારની વ્રતની સમાપ્તી ૨૮ માર્ચ અને શનિવારે થશે. નવરાત્રી દરમ્યાન ત્રીજનો ક્ષય હોવાને કારણે નવરાત્રી વ્રત ૯ ને બદલે ૮ દિવસનું થશે. આદ્યશક્તિના દિવસો દરમિયાન પોતાના કુળદેવીનું પૂજન, ચંડીપાઠ, સ્તુતિ, સ્ત્રોત, યજ્ઞ ઉપરાંત બે વર્ષથી લઈને ૧૦ વર્ષ સુધીની કન્યાઓનું ૩, ૫ કે ૯ ની સંખ્યામાં પૂજન કરી તેમને ભોજન કરાવવું, વર્ષા અલંકારોનું દાન આપવું ખૂબ ઉત્તમ ફળદાયી ગણાય છે. દેવી ભાગવત તેમજ અન્ય પુરાણ-શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ વર્ષની ચાર નવરાત્રી દરમિયાન કોઈપણ નવરાત્રીમાં માતાજીનું વ્રત કરવાથી મનુષ્યના દુઃખ અને દારિદ્રનો નાશ થાય છે. સુખ, શાંતિ, ઐશ્વર્ય, સમૃદ્ધિ સંતાન સુખ માતા પ્રદાન કરે છે. નારદજી ભગવાન રામચંદ્રને નવરાત્રી વ્રતનું મહાત્મ્ય સમજાવતા કહે છે કે વ્રત મહાદેવ, વિષ્ણુ, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે દેવો તેમજ વિશ્વામિત્ર, ભૃગુ, વિશિષ્ટ, કશ્યપ વગેરે ઋષિઓએ પણ કર્યુ છે. દુઃખી તો ઠીક સુખી મનુષ્યે પણ વ્રત અચૂક કરવુ જોઈએ. જેથી ઉત્તમ ફળની પ્રાપ્તી થાય છે.

## ચૈત્રી નવરાત્રી ધાર્મિક કાર્યક્રમ

- શક્તિ મંડળના નિમિષાબેન પંડ્યાના કંઠે આનંદનો ગરબો યોજાશે. આજરોજ રવિવારે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન સેક્ટર-૨૫ સ્થિત સિદ્ધેશ્વરી મંદિરે યોજાશે. ભાવિભક્તોને દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.
- ચૈત્રી નવરાત્રી નિમિત્તે સેક્ટર-૨૩ માઈ મંડળ દ્વારા આજરોજ રવિવાર રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન સેક્ટર-૨૩ શિવમંદિર ખાતે આનંદનો ગરબો યોજાશે. ભક્તોને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.
- ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે આનંદનો ગરબો યોજાશે. આજે રવિવારે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન દિલીપકુમાર જાનીના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૬૪/૧ સુર્યનારાયણ સોસાયટી સેક્ટર-૨૫ ખાતે યોજાશે. ભક્તોને ઉપસ્થિત રહી દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

## વિશ્વાસઘાતના ગુનામાં ૧૨ વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ ઉત્સવ બારોટ તથા અન્ય માણસોએ ખાનગી રાહે હકીકત મેળવીને વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી વોન્ટેડ આરોપીને વલાદ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. દહેગામના લીહોડા વિસ્તારનો મુળ રહેવાસી દિનેશ નાથા સોની સામે વર્ષ-૨૦૦૪ માં આપીસી ૪૦૬ મુજબ અંબાજી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ત્યારથી આરોપી નાસતો ફરતો હતો. એસ.ઓ.જી.ની ટીમે વલાદથી આરોપીની ધરપકડ કરી અંબાજી પોલીસ સ્ટેશન ખાતે સોંપી દીધો છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

ચિલોડા વિભાગના વિસ્તરણ અધિકારી મગનભાઈ વણકરનો વિદાય સમારોહ યોજાયો હતો. સાદરા જક્ષણિમાતાજીના મંદિરે ચિલોડા સેવા સહકારી મંડળી દ્વારા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મગનભાઈએ કરેલ ૩૪ વર્ષની સેવાકીય કામગીરીને બિરદાવવામાં આવી હતી અને શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. વિદાય સમારોહમાં આજુ બાજુના ગામોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગરમાં વન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી નિમિત્તે આજરોજ વન સંશોધન સંકુલ, ગાંધીનગર ખાતે રાજયના વન વિભાગ દ્વારા એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળાના અધ્યક્ષપદેથી સંબોધતા વન-પર્યાવરણ મંત્રી શ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણે સૌ પ્રકૃતિ પ્રેમીઓ છીએ. પ્રકૃતિ આપણા જીવન સાથે જોડાયેલી છે. પાણી, નદી, પર્વત, વૃક્ષ, સુર્ય, ચંદ્રની આપણે પુજા કરીએ છીએ. વૃક્ષો આપણા જીવન સાથે અભિન્ન રીતે જોડાયેલા છે. જન્મ થાય ત્યારે ઘોડીયાથી લઈને તે છેક ઘડપણમાં લાકડી, મૃત્યુ વખતે નનામીમાં લાકડાનો ઉપયોગ થાય છે. વૃક્ષો શુધ્ધ પ્રાણવાયુની સાથે ફળ, ફૂલ, લાકડું, ઔષધિઓ, છાંયડો એમ અનેક પ્રકારે એના ઉપયોગથી માનવજીવનને સમૃધ્ધ કરે છે. આવા બહુમુલ્ય વૃક્ષો ગેરકાયદેસર રીતે ન કપાય તેની કાળજી રાખવી આપણી ફરજ છે. વિકાસ કાર્યો માટે, અનિવાર્ય રીતે કપાતાં વૃક્ષોની સામે તેથી અધિક વૃક્ષો વાવીને આપણે સમતુલા જાળવવી જોઈએ. આપણે ૬૫ વન મહોત્સવ ઉજવ્યા છે, એ દ્વારા લોકજાગૃતિ ઉભી કરવા પ્રયાસ થયો છે. વનૌષધિઓના ફાયદાથી આપણે પરિચિત છીએ. ગુજરાતમાં અંદાજે ૧૫૦૦ જાતની વનૌષધિઓ જોવા મળે છે. ચેરના વાવેતરમાં સમગ્ર દેશમાં ગુજરાત બીજા નંબરે છે. ૧૬૦૦ કી.મી. નો આપણો દરિયા કિનારો છે, તેમાં ચેરનું વાવેતર ઉપયોગી સાબિત થયુ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩

સૂર્યાસ્ત : ૬.૫૨

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૦ ટકા ● સાંજે ૨૧ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**સ્ક્રીન-૨ :**

દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૩ :**

અગ્નિ પરીક્ષા : ૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૦૦

એન.એચ. : ૨.૩૦, ૮.૦૦

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૩ :**

એન. એચ-૧૦ : ૧૨.૪૫, ૬.૪૫

હંટર : ૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**

દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

હંટર : ૩.૪૫, ૧૦.૦૦

બ્લેક હોમ : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧૦.૦૦

એન.એચ-૧૦ : ૩.૪૫, ૧૦.૦૦

હંટર : ૧૨.૩૦

દમ લગાકે હઈસા : ૬.૪૫

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

હંટર : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૫, ૬.૪૦, ૯.૪૫

**સ્ક્રીન-૨ :**

હંટર : ૧૧.૩૦, ૨.૩૫, ૫.૦૫, ૧૦.૪૦

બ્લેક હોમ : ૮.૧૫

**સ્ક્રીન-૩ :**

બે યાર : ૯.૦૦

એન.એચ-૧૦ : ૧૨.૦૦, ૨.૩૫, ૫.૧૦, ૧૦.૫૫

૧૦૦ ડેઝ ઓફ લવ (મલયાલમ) : ૭.૪૫

## આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે.

**મિથુન** : પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : ઉદાર મનથી પરાક્રમ કરો, સંબંધીઓને કારણે તમારી કીર્તિ વધશે.કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. કાનાજી વરવાજી સોલંકી (ઉ.વ.૬૫) મુ. ડભોળા, આનંદપુરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. સવિતાબેન પ્રહલાદભાઈ પ્રજાપતિ (ઉ.વ.૫૫) મુ. ભોયણ રાઠોડ, તા.જી. ગાંધીનગર